સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

સભા ભરો, રેલીઓ કાઢો - ચૂંટણીમાં નહીં નડે!
નિયમોના ધજાગરા નેતાજીઓને નહીં નડે!
દેખાશે નહીં પોલીસને આંખે છે 'સત્તા'નું માસ્ક -
ઉતાવળ સત્તાની એમને 'ચૂંટણી' નહીં નડે !

હાઈકુ

ઉત્સવો મેલો -
ને પરીક્ષાઓ ઠેલો -
ચૂંટણી 'હેલો...'

સ્પર્શશે નહીં
'શક્તિમાન' લોકોને -
કોરોના ચેપ...

ચિંતન

ગુણી ગુણં વેત્તિ ન વેત્તિ નિર્ગુણઃ બલી બલં વેત્તિ ન વેત્તિ નિર્બલ ।
પિકો વસન્તસ્ય ગુણં ન વાયસઃ કરી ચ સિંહસ્ય બલં ન મૂષકઃ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત મંજૂષામાંથી લેવામાં આવેલ છે.

ગુણવાન માણસ જ બીજાના ગુણ જાણી શકે, ગુણ વગરનો માણસ નહિ. બળવાન બીજાના બળને પારખી શકે, નિર્બળ નહિ, કોયલ વસંત ઋતુના ગુણ જાણે, કાગડો નહિ. હાથી સિંહના બળને સમજે, ઉંદર નહિ.

માનવીને સદ્‌ગુણ ભરેલી અને અનુભવની દૃષ્ટિ હોય તે જ સામેની વ્યક્તિના ગુણને પારખી શકે છે. જે ગુણવાન નથી તેને સામેની વ્યક્તિનાં જ્ઞાન-બળ અને સદ્‌ગુણોની કલ્પના પણ નથી આવતી.

સુવિચાર

- જિંદગી એક ખેલ હૈ, યે આપકો તય કરના હૈ કિ આપકો ખેલ બનના હૈ યા ખિલાડી - **પ્રકાશ ધમલે**
- જયારે જયારે આપણે સલાહ માંગતા હોઈએ છીએ,
  ત્યારે ત્યારે આપણે આપણી ધારણાઓ માટે માન્યતા શોધતા હોઈએ છીએ - **જીવન પાથેય**
- સાચો આનંદ નવા દેશ્યો જોવામાં નહીં,
  પણ એ જ દેશ્યને નવા દૃષ્ટિબિંદુથી જોવામાં છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દરેક કાર્ય તેના કર્તાનો પડછાયો લઈને આવે છે, તમારા શ્રેષ્ઠ પ્રયાસોથી તમારા કામને તમારી ઓળખાણ બનાવો - **મુકેશ જોષી**
- દોઢ વાંક વગર કજિયો ન થાય - **જુની ગુજરાતી કહેવત**
- તમારો શ્રેષ્ટત્તમ મિત્ર અને કનિષ્ઠતમ શત્રુ તમારી જ જાતમાં છુપાયેલો છે : **સ્વીડનની કહેવત**
- આજનું ઔષધ : કબજિયાતમાં પાકા કેળાનો બાફીને ખાવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ગાંધીજીના પૌત્ર કાંતિભાઈ સેવાગ્રામમાં રહેવા આવ્યા. એમણે ગાંધીજીને ફરિયાદ કરી કે બે ધોતી આપવામાં આવી છે. એક વધુ ધોતી મળે તો મને અનુકૂળતા રહેશે. જો પ્રવાસમાં જવું પડે તો એક વધુ ધોતી હોય તો સારું પડે. ગાંધીજીએ કહ્યું, 'હું અને બીજા રહેનારા સૌ સેવાગ્રામ વાસી બે ધોતીથી જ ચલાવીએ છીએ. અમે બધા અહીં સાવ સાદગી અને કરકસરથી જ ચલાવીએ છે. આ દેશની જનતાના પૈસા છે. સ્વતંત્રતાની લડાઈ લઈએ છીએ, એનો અર્થ એ નથી કે પ્રજાના પૈસાનો ઈચ્છા પ્રમાણે ખર્ચ કરીએ. આપણને કોઈ પૂછનાર નથી એવું માનવું નહીં. મારા માનવા મુજબ તો જે લોકોને સુખ-સગવડ-સુવિધા જોઈતી હોય તેમણે સેવાગ્રામ આશ્રમમાં આવવું જ નહીં અહીં રહેવું હોય તો સંયમથી જ રહેવું પડશે.' ગાંધીજીનો આવો કડક સંદેશ સાંભળી એક ત્યાં હાજર એવા પત્રકારે પૂછ્યું, 'બાપુ, એક ધોતીની તો વાત છે! આટલી નાનકડી વાત માટે તમે આટલું દબાણ કેમ કરો છો?' ગાંધીજીએ પત્રકારને કહ્યું, 'આ સંસ્કારની વાત છે. સંગ્રહની ભાવના તેમાંથી જ ઉત્પન્ન થાય છે અને આપણું કામ ગરીબોની સેવા કરવાનું છે એનો અર્ત એ કે આપણી જરૂરિયાત માટે પ્રજા પાસેથી ઓછામાં ઓછી વસ્તુ લેવી અને તેના બદલામાં વધુમાં વધુ આપવું ત્યારે જ સાચી સેવા થયેલી ગણાય. સેવા ભાવનાની પાછળ સંયમ અને કરકસર હોય છે.'

પ્રમુખ પદનો પ્રભાવ જાળવીએ

તંત્રીસ્થાનેથી...

રાજકીય પક્ષોમાં આંતરિક વિખવાદ કોઈ નવી બાબત નથી. પરંતુ પ્રસ્થાપિત રાજનેતા એનો પ્રભાવ ઝંખવાતો લાગે ત્યારે પોતાનું વજૂદ અકબંધ છે એવું સાબિત કરવા આકાશપાતાળ એક કરી મૂકે છે. કોંગ્રેસમાં ગાંધી પરિવાર અત્યારે આવા ટેન્શનમાં છે. દેશ આખામાંથી ધીરે ધીરે એક સમયનો સૌથી મજબૂત અને લોકપ્રિય રાજકીય પક્ષ વજૂદ ગુમાવતો જાય છે. કેન્દ્રમાં એનાથી તદ્દન વિરુદ્ધની સૈદ્ધાંતિક ભૂમિકા ધરાવતી અને હિંદુત્વ તથા રાષ્ટ્રવાદની વિચારધારાના બળ પર લોકપ્રિય બનેલી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. જે થોડાં ઘણાં રાજયોમાં કોંગ્રેસનું શાસન સ્થપાયેલું ત્યાં પણ યેનકેન પ્રકારેણ ભારતીય જનતા પાર્ટીએ છીંડાં પાડ્યાં છે. ઉત્તરપૂર્વમાં પીછેહઠ કરવી પડી છે. રાજસ્થાન એના હાથમાંથી જતાં જતાં રહી ગયું છે. ઈંદિરા ગાંધીએ સ્થાપેલી ગાંધીવંશની શાસનશૈલી કોંગ્રેસના પાયાના કાર્યકરોને પણ જરા જુદા કારણસર અનુકૂળ લાગવા માંડેલી. તે સમયમાં પાર્ટીનાં ઝઘડતા જૂથોને શિસ્તનો કોરડો વીંઝીને અથવા પ્રેમપૂર્વક સમજાવીને એકજૂટ રાખી શકે એવું 'સિમેન્ટિંગ' પરિબળ માત્ર ગાંધી પરિવાર નામનું હાઈકમાન્ડ જ હતું. પરંતુ નરેન્દ્ર મોદીએ ગાંધી પરિવારને એની હેસિયત બતાવી દીધા પછી પાયાના કોંગ્રેસજનો હવે પાર્ટીને બેઠી કરવા માટે સંયુક્ત લીડરશીપની અને સહિયારા પુરુષાર્થની ભૂમિકા પર આવી ગયા છે. સોનિયા ગાંધીની કહેવાતી કરિશ્મા સાવ જ ઝાંખી પડી ગઈ છે અને રાહુલ ગાંધીમાં પાર્ટીનું નેતૃત્વ કરવાનું દૈવત નથી. છેલ્લી ચૂંટણીઓ દરમિયાન સોનિયા, રાહુલ અને મોડે મોડે મેદાનમાં ઉતારાયેલાં 'ઈંદિરા ફેસ' ધરાવતાં પ્રિયંકા એમની તમામ ક્ષમતા હોડમાં મૂક્યા પછી પણ પાર્ટીને જીત અપાવી શકેલ નથી. આથી સ્વાભાવિક રીતે જ કેટલાક બૌદ્ધિક કોંગ્રેસી અગ્રણીઓએ બીમાર સોનિયા ગાંધી પર પત્ર પાઠવી પાર્ટીના ઘટતા જતા રાષ્ટ્રીય પ્રભાવ અને નેતાગીરીની બિનઅસરકારકતા સામે અવાજ ઉઠાવવાનો પ્રયાસ કર્યો જેનો એમને સાનુકૂળ પ્રતિસાદ મળવાને બદલે ઠપકો સાંભળવો પડ્યો. રાહુલ ગાંધીએ તો એ લોકો ભારતીય જનતા પાર્ટી સાથે સંકલાયેલા હોવનો આરોપ પણ મૂકી દીધો જેથી કપિલ સિબ્બલ અને ગુલામ નબી આઝાદ જેવાને ભારે અપમાનજનક પરિસ્થિતિમાં મુકાયા હોવાનો અહેસાસ થયો. સોનિયા ગાંધી સામે કોઈ આંગળી ચીંધી જ કેમ શકે ! એવા કટ્ટર અભિગમ સામે કોંગ્રેસ વર્કિંગ કમિટીએ ગાંધી પરિવારની નેતાગીરીને પાર્ટી માટે અનિવાર્ય ગણાવી. આ બધું ગોઠવાયેલી સ્ક્રિપ્ટ મુજબ ચાલ્યું અને એ સ્ક્રિપ્ટ સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર તથા વર્તમાન કોષાધ્યક્ષ અહમદ પટેલે તૈયાર કરી હતી. વિરોધી સૂરોને મજબૂત થતાં પહેલાં જ દબાવી દઈ ગાંધી પરિવારની પ્રશસ્તિ અને વધુ છ મહિના માટે સોનિયા ગાંધીને કાર્યકારી પ્રમુખ તરીકે ચાલુ રહેવાની વિનંતી સાથે, રાહુલજીની તાજપોશીની તૈયારી સાથે મિટિંગ પૂરી થઈ ! કોંગ્રેસ જયારે એના જીવનકાળની સૌથી વધારે દયનીય દશામાં આવી ગઈ છે ત્યારે પણ કોંગ્રેસીઓને એમાં નવા પ્રાણ ફૂંકી શકે એવું સહિયારું નેતૃત્વ ઊભું કરવાની છૂટ નથી. ગાંધી પરિવાર એ હદે હાવી થઈ ચૂક્યું છે કે એની સલામતી ખાતર એ આખી પાર્ટીને ડુબાડવા કૃતસંકલ્પ લાગે છે. જરાક સરખો અવાજ ઉઠાવનારને કડક શબ્દોમાં દાબી દેવાનું વલણ આખરે તો પાર્ટીનો શતમુખ વિનિપાત જ નોતરશે. એક એવો સમય પણ હતો જયારે સોનિયા એમના સાસુ ઈંદિરા ગાંધીના હઠાગ્રહ છતાં રાજીવ ગાંધી રાજકારણમાં ન પડે એવો આગ્રહ રાખતાં હતા. રાજીવની હત્યા પછી અર્જુનસિંહ જેવા સિનિયર નેતા એમને નેતૃત્વ સંભાળી લેવા વિનંતી કરવા ગયેલા ત્યારે એમને ખખડાવીને કાઢી મૂક્યા હતા. એ જ સોનિયા ગાંધીને હવે પ્રમુખપદનો એવો ચસકો ચાલ્યો છે કે તે રાહુલ ગાંધી સિવાય બીજા કોઈને સોંપવા તૈયાર નથી ! એક લોકશાહી રાષ્ટ્રમાં છેક ૧૮૮૫માં સ્થપાયેલી અને ગાંધી - સરદાર - નહેરુ જેવા નેતાઓએ પોષેલી પાર્ટીને ગાંધી પરિવારે કૌટુંબિક જાગીર બનાવી દીધી છે તે જ શું લોકશાહીની મોટી વિડંબના નથી ?

દેહિં સકલશુભ શ્રી ગણનાયક

'ગણેશ ચાલીસા'માં ચાલીસ ચોપાઈઓ છે. આરંભ પહેલાં એક દોહરો છે; અંત પછી બે છે :

(૧) કર્તા :

'સુંદરદાસ' રામ કે ચેરા,
દુર્વાસા આશ્રમ ધરિ ડેરા.
વિરચ્યો શ્રી ગણેશ ચાલીસા. (૩૭-૩૮)

ચેરા = શિષ્ય

(૨) રચના સમય :

દ્વે સહસ્ર દસ વિક્રમી, ભાદ્ર કૃષ્ણ તિથિ ગંગ,
પૂરન ચાલીસા ભયો, સુંદર ભક્તિ અભંગ.

(અંતે દોહરો)

ઈ. ૧૯૪૬, ભાદરવા વદ ત્રીજને દિવસે રચના થઈ છે.

(૩) આરંભનો દોહરો :

જય જય વંદન ભુવન, નંદન ગૌરિ ગણેશ.
દુઃખ દ્વંદ્વન ફંદન હરન, સુંદર સુવન મહેશ.

સુવન = પુત્ર

(૪) અંતનો દોહરો :

શ્રી ગણેશ યહ ચાલીસા, પાઠ કરૈ ધરિ ધ્યાન,
નિત નવમંગલ મોદ લાહિ, મિલૈ જગત સમ્માન.

(૫) શરુઆત :

જયતિ સંભુ સુત ગૌરી નંદન,
વિઘ્ન હરન નાસન ભવ ફંદન... (૧)

(૬) સ્વરુપ :

એક રુદન ગજબદન વિરાજત,
વક્રતુંડ શુચિ શુંડ સુસાજત -
તિલક ત્રિપુંડ ભાલ શસિ સોહત,
છબિ લખિ સુરનર મુનિ મન મોહત (૩-૪)

(૭) પરિવાર :

ધનિ શિવસુવન ભુવન સુખ દાતા,
ગૌરી લલન ષડાનન ભ્રાતા.
રિદ્ધિ સિદ્ધિ તવ ચંવર સુંઢાર હિં
મૂષક વાહન સોહિત દ્વારહિં (૮-૯)

ષડાનન = કાર્તિકેય

(૮) જન્મ :

એક અસુર શિવ રુપ બનાવૈ
ગૌરિહિં છલન હેતુ તહં આવે.
એહિ કારણ તે શ્રી શિવપ્યારી.
નિજ તન મૈલ મૂર્તિ રચિ ડારી.
સો નિજસુત કરી ગૃહ રખવારે (૧૧-૧૨-૧૩)

(૯) અજાણતાં શિવજી દ્વારા શિરચ્છેદ -

શિરિષફુલ સમ સિર કટિ ગયઉ,
છટ ઉડિ લોપ ગગન મહં ભયઉ (૨૦)

(૧૦) મસ્તકની શોધ :

ચલ્યો વિષ્ણુ સંગ શિવવિજ્ઞાની,
મિલ્યો ન સો હસ્તિ હિં સર આની (૨૫)

(૧૧) શિવ દ્વારા પુત્રોની પરીક્ષા, પૃથ્વી પ્રદક્ષિણા -

રામ નામ પહિ પર લિખિ અંકા,
કીન્હી પ્રદક્ષિણ તજિ મન શંકા.
શ્રી પિતૃમાતૃ ચરણ ધરિ લીન્હો. (૩૪-૩૫)

(૧૨) ફળપાઠ :

જન ધન ધાન્ય સુવન સુખદાયક,
દેહિં સકલ શુભ શ્રી ગણનાયક (૪૦)

પ્રચલિત માન્યતાઓથી અહીં થોડો તફાવત છે. તેથી આ ચાલીસાનું મહત્ત્વ છે.

અમર વારસો

ડો. રશ્મિકાન્ત મહેતા

કામાખ્યાદેવીનું પ્રસિદ્ધ મંદિર કયા આવેલું છે?

ભારતનો સાંસ્કૃતિક વારસો

ખજાનો
અનિલ પટેલ

૧ કયુ નૃત્ય માત્ર પુરુષ કલાકારો દ્વારા જ થાય છે?
(અ) ભાંગડા (બ) રાસ
(ક) કથકલી (ડ) ભરતનાટ્યમ્

૨ સૌથી પ્રાચીન વાદ્યયંત્ર કયું છે?
(અ) વાંસળી (બ) વીણા
(ક) એકતારો (ડ) રાવણ હથ્થો

૩ પન્નાલાલ ઘોષ કયા વાદ્ય સાથે સંકળાયેલા છે ?
(અ) સંતૂર (બ) વીણા
(ક) હાર્મોનિયમ (ડ) વાંસળી

૪ ભારતનો રાષ્ટ્રીય નારો કયો છે?
(અ) શ્રમેવ જયતે (બ) સત્યમેવ જયતે
(ક) જયહિંદ (ડ) ભારત માતા કી જય

૫ જાત્રા કયા રાજયનું લોકનૃત્ય છે ?
(અ) આસામ (બ) બિહાર
(ક) પં. બંગાળ (ડ) અરુણાચલ પ્રદેશ

૬ કામાખ્યાદેવીનું પ્રસિદ્ધ મંદિર કયા આવેલું છે ?
(અ) કોલકાત્તા (બ) ગુવાહાટી
(ક) ચેન્નાઈ (ડ) ઉજ્જૈન

૭ રણથંભોરનો કિલ્લો કયાં આવેલો છે ?
(અ) સવાઈ માધોપોર (બ) મહાબળેશ્વર
(ક) જયપુર (ડ) ગ્વાલિયર

૮ ગુરુનાનકનો જનમ કયારે થયો હતો?
(અ) ઈ.સ. ૧૪૩૦ (બ) ઈ.સ. ૧૪૫૦
(ક) ઈ.સ. ૧૪૬૧ (ડ) ઈ.સ. ૧૪૬૯

૯ કુચીપુડી કાય રાજયનું શાસ્ત્રીય નૃત્ય છે ?
(અ) તમિલનાડુ (બ) કેરાલા
(ક) આંધ્રપ્રદેશ (ડ) કર્ણાટક

૧૦ લીલાસેમસન કયા નૃત્યના મશહૂર કલાકાર છે?
(અ) ભરતનાટ્યમ્ (બ) કથકલી
(ક) કુચીપુડી (ડ) ભાંગડા

૧૧ ભારત નાટ્યમ્‌નું ઉદ્‌ગમ સ્થાન એવું તાંજોર કયા રાજયમાં આવેલું છે?
(અ) કેરાલા (બ) તમિલનાડુ
(ક) ઉડીસા (ડ) આંધ્રપ્રદેશ

૧૨ વિશ્વ પુસ્તક મેળાનું આયોજન કયા શહેરમાં થાય છે ?
(અ) વારાણસી (બ) દિલ્હી
(ક) મુંબઈ (ડ) ચેન્નાઈ

૧૩ ઘુમર એ કયા રાજયનું લોકનૃત્ય છે જેમાં માત્ર સ્ત્રીઓ જ ભાગ લે છે ?
(અ) હરિયાળા (બ) મધ્યપ્રદેશ
(ક) પંજાબ (ડ) રાજસ્થાન

૧૪ ૧૫ સપ્ટેમ્બર કયા દિવસ તરીકે મનાય છે ?
(અ) ડૉકટર્સ ડે (બ) ઈજનેર દિવસ
(ક) રાષ્ટ્રીય શિક્ષણ દિવસ (ડ) શિક્ષક દિવસ

૧૫ 'તેરા તાલી' કયા રાજયનું લોકનૃત્ય છે ?
(અ) રાજસ્થાન (બ) મધ્યપ્રદેશ
(ક) ગુજરાત (ડ) મહારાષ્ટ્ર

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૨૯ ઓગસ્ટ : રાષ્ટ્રીય રમતગમત દિવસ**
  - ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાનો જન્મદિવસ (૧૮૮૭)
  - મનુભાઈ પંચોળીનું નિધન (૨૦૦૧)
  - ડોલરરાય રંગીલદાસ માંકડની પુણ્યતિથિ (૧૯૭૦)
  - હોકીના જાદુગર મેજર ધ્યાનચંદનો જન્મદિવસ (૧૯૦૫)
- **૩૦ ઓગસ્ટ : લઘુ ઉદ્યોગ દિવસ**
  - ૪૧ વર્ષની ઉંમરમાં અવસાન પામેલા ગીતકાર શૈલેન્દ્રનો જન્મદિવસ (૧૯૨૧)
  - ગુરુ રામદાસ ચોથા શીખગુરુ બન્યા (૧૫૭૪)
  - અમેરિકા-ફિલિપાઈન્સે સુરક્ષા સંધિ પર સહી કરી (૧૯૫૧)
  - નગીનદાસ ના. પારેખની જન્મજયંતિ (૧૯૦૩)
- **૩૧ ઓગસ્ટ :**
  - સાહિત્યકાર ધીરુભાઈ પરીખનો જન્મદિવસ (૧૯૩૩)
  - શીશુ કેળવણીક્ષેત્રે નૂતન દૃષ્ટિ અને જ્ઞાન આવનાર ડૉ. મારીયા મોન્ટેસરીઝની જન્મજયંતિ (૧૮૭૦)
  - હાસ્ય નિબંધક બકુલ ત્રિપાઠીનું નિધન (૨૦૦૬)
  - શ્રીલંકાએ બંધારણનો સ્વીકાર કર્યો (૧૯૭૮)
- **૧ સપ્ટેમ્બર : જીવનવીમા નિગમ દિવસ**
  - ગુજરાતી ગઝલ ક્ષેત્રે નૂતન કેડી કંડારનાર 'અમર' પાલનપુરીની જન્મજયંતિ (૧૯૩૫)
  - રાસબિહારી બોસે ઈન્ડિયન નેશનલ આર્મીની રચના કરી (૧૯૪૨)
  - સંયુક્ત રાષ્ટ્ર સંઘે વિશ્વ આરોગ્ય સંસ્થાની સ્થાપના કરી (૧૯૪૮)
  - રવિશંકર મ. જોષીની જન્મજયંતિ (૧૮૮૭)
- **૨ સપ્ટેમ્બર :**
  - આંધ્ર પ્રદેશના બે વાર મુખ્યમંત્રી રહેલા વાય એસ. રાજશેખરનું હેલીકોપ્ટર દુર્ઘટનામાં અવસાન (૨૦૦૯)
  - બાળ કેળવણીના પ્રખર હિમાયતી ચિંતક અને લેખિકા તારાબેન મોડકરની પુણ્યતિથિ.
  - ક્રિકેટર અને બોલર ઈશાંતનો જન્મદિવસ (૧૯૮૮)
  - ગાંડલની ભૂવનેશ્વરી પીઠની સ્થાપના આચાર્યા ચરણથીર્થનું નિધન (૧૯૭૮)
- **૩ સપ્ટેમ્બર :**
  - ફિલ્મ કલાકાર વિવેક ઓબેરોયનો જન્મદિવસ (૧૯૭૬)
  - નવલકથાકાર કલ્પેશ પ્રભુદાસ પટેલનો જન્મદિવસ (૧૯૭૨)
  - સાહિત્યકાર નરસિંહરાવ દિવેટીયાનો જન્મદિવસ (૧૮૫૯)
  - ભારતીય મૂળની લેખિકા કિરણ દેસાઈનો જન્મદિવસ (૧૯૭૧)
- **૪ સપ્ટેમ્બર :**
  - ચુનીલાલ આશારામ ભાવસાર 'પૂજ્ય મોટા'નો જન્મદિવસ (૧૮૯૮)
  - મોટર સાયકલક્ષેત્રે ઉદ્યોગજગતમાં નામના મેળવનાર એન્જીનીયર વિલિયમ લિઓન્સનો જન્મદિવસ (૧૯૦૪)
  - સ્વરાજય ચળવળના પ્રણેતા 'હિંદના દાદા' દાદાભાઈ નવરોજીની જન્મજયંતિ (૧૮૨૫)
  - કાયદાનો અભ્યાસ કરવા ગાંધીજી બ્રિટન ગયા (૧૮૮૭)

ગત સપ્તાહના સવાલનો જવાબ

ભારતીય મૂળના કયા મહિલા હાલ અમેરિકાના ઉપ રાષ્ટ્રપ્રમુખ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે ?
જવાબ : કમલા દેવી હેરીસ

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૪) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૫) મીત પટેલ : સે-૨૩ (૬) રુચિત એ પટેલ : ગાયત્રી રેસી., ધોળેશ્વર પાસે (૭) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

અવકાશ યાત્રી સુનિયા વિલિયમનું મૂળ વતન ગામનું નામ શું છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

પાની રે પાની તેરા રંગ કૈસા ?

હળવે હૈયે
પ્રકાશ લાલા

હિંદી ફઈલ્મ 'શોર'નું ગીત યાદ છે ? 'પાની રે પાની તેરા રંગ કૈસા, જીસમેં મિલા દો લગે ઉસ જૈસા...'

કોરોનાએ 'કાચા કામના કેદી' જેવી દશા કરી મૂકી છે. બહાર જવાનું બંધ, હળવા મળવાનું બંધ... એટલે ઘરમાં બેઠાં ટાઈમ પાસ માટે ટીવી ઉપર 'મુવી' ચેલન્સ મચડ્યા કરવાનો ઉદ્યમ કરાય છે. એમાં આવી ફિલ્મોને ફિલ્મી ગીતોનો લાભ મળતો રહે છે... ભાઈ...

હા તો વાત હતી ગીત : 'પાની રે પાની તેરા રંગ કૈસા, જિસ મેં મિલા દો લગે ઉસ જૈસા...'

સમાજમાં - આપણી આસપાસ આવો પાણી જેવો ગુણ ધરાવતા માણસો ય હોય છે ને? આવી વ્યક્તિ પોતે જેની જોડે બેઠી હોય એના રંગે રંગાઈ જવામાં પાવરધી હોય છે...

આવા લોકોના પણ પાછા બે પ્રકાર પાડી શકાય... એક તો એવા મહાનુભાવો, જે પોતાનાં પદ-પ્રતિષ્ઠા-પૈસો-ઉંમર-અનુભવ કશાનો ભાર રાખ્યા વિના નાના સાથે નાના અને મોટા સાથે મોટા બની જાય છે. જે ગ્રુપમાં બેઠા હોય તે ગ્રુપને રસ પડે તેવી વતો કરી - સાંભળીને તેમાં ભળી જનાર મોટી પણ સરળ વ્યક્તિઓની વાત છે... અહીં (જલ મેં મિલા દો લગે ઉસ જૈસા...) સારું લાગે છે.

પણ બીજા પ્રકારમાં એવા 'નમૂમાઓ'નો સમાવેશ થાય છે કે જેને પોતાના ચોક્કસ મત- વિચાર હોતા નથી કે કદાચ હોય તોય એને વળગી રહેવાને બદલે 'હા... જી...હા...', 'સાચું... સાચું...' 'બરાબર' કરવાનો સ્વભાવ ધરાવે છે. 'પાની રે પાની તેરા રંગ કૈસા' ગીત સાંભળી અમને આ સેકન્ડ ટાઈપના માણસો યાદ આવી ગયા. આવા હોય તો સત્તાધારી પક્ષના લોકો જોડે બેઠા હોય તો એમની વાહ... વાહ... કરશે.... એમની વિચારધારાનાં વખાણ કરશે... ને જો વિપક્ષની જોડે ગયા એમની 'વાહ... વાહ...' કરશે. રે, સારું લગાડવા અહીં બેસી સત્તાપક્ષની ઝાટકણી પણ કાઢશે...આવી વ્યક્તિઓ માટે 'રેફ્યુજી' ફિલ્મનું ગીત યાદ આવે છે : 'પંછી, નદિયાં, પવન કે ઝોંકે... કોઈ સરહદ ના ઈન્હો રોકે...' ની માફક આ ટાઈપના લોકોને કોઈ ડર - સંકોચ - વિવેક રોકી કે ટોકી શકતો નથી. એમને ના કોઈ શરમ નડે કે અડે !!

'જીસકે તડ મેં લડ્ડુ ઉસકે તડમેં હમ' માં માનારા આ બિરાદરો પાછા પોતાને 'પ્રેક્ટિકલ' ગણાવી હરખાતા રહે છે ને બીજાને એમની જેમ પ્રેક્ટિકલ - વ્યવહારું બનવાની શિખામણ આપતો કહે ય ખરો કે, 'આપણી વાતનું પૂછડું પકડી રાખીને કે વાદવિવાદ કરીને શું કાંદા કાઢી લેવાના ? એના કરતાં હાં એ હાં કરો - કામ કઢાવો અને મોજ કરોને, યાર..!'

આ બિરાદરો પોતાનો ઉલ્લુ સીધો કરવા, સામેની વ્યક્તિના સૂરમાં સૂર કેમ અને કયારે મિલાવવો એ સંગીત બરાબર જાણતા હોય છે. એમનું પ્રિય ગીત તો હોય છે : મિલે સૂર મેરા તુમ્હારા...'

એ 'જયશ્રી કૃષ્ણ' ય કહે ને 'જય ઝુલેલાલ' પણ બોલે... બીજાની ધાર્મિક ભાવનાને માન આપવા માટે જ આવું બોલાય ત્યાં સુધી વાંધો ન જ હોય... પરંતુ કોઈની ચાપલુસી કરવા કે સ્વાર્થ માટે જ 'જય માતાજી'ને 'જય સ્વામિનારાયણ' કહેતા હોય છે.

અલબત્ત, વાતવાતમાં વિરોધ, બગાવત કરવાની કે દરેક બાબતમાં વાદવિવાદમાં ઉતરી પડવાની નથી પરંતુ નમ્ર પણે પોતાનો અલગ મત-વિચાર રજૂ કરવાની છે...

'લોકડાઉન' માં કંટાળેલા ચાર-પાંચ મિત્રો રિલેક્સ થવા કોઈ પ્રોગ્રામ ગોઠવવાની ચર્ચા કરી રહ્યા છે. એક કહે છે : 'પોળોના જંગલમાં જઈએ... ફ્રેશ થઈ જવાશે...'

તો મિ. હાજી.... હાજી... કહેશે : 'યસ... સરસ આઈડિયા છે... જઈએ...'

બીજે મિત્ર સૂચન કરે છે : 'ના, યાર... એના કરતાં બે દિવસ દૂર કોઈ રિસોર્ટમાં રહી આવીએ... એ વધારે સેઈફ કહેવાય....'

તો મિ. હા જી હા... બોલી ઊઠશે : 'રાઈટ... એ બરાબર છે... સલામતી પહેલી .... રિસોર્ટનું ગોઠવો.'

જો ત્રીજા ફ્રેન્ડે કંઈક નવું સજેશન કર્યું. તો એનેય 'મિ. હા જી હા' કહેશે :

'વાહ... જોરદાર સજેશન છે... એમ જ કરીએ...'

આમ દરેકની વાતને 'સરસ... ફાઈન' કહેનારા, મિ. હા જી હા.... પોતાનો કોઈક આઈડિયા - સૂચન કરતા નથી હોતા. એટલે જ એવા લોકોને 'જીસ મેં મિલાદો લગે ઉસ જૈસા... પાની રે પાની....' જેવા કહી શકાય ને ? અને સાહેબો, પાણીનો આ ગુણધર્મ ધરાવનારાઓની જિંદગી ય સરસ અને સડસડાટ ચાલતી જ હોય છે ને !!